# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

## શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭માં વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના

1. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં પ્રવેશ મેળવેલ અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે સહાય માટે પાત્રતા ધરાવતા જે વિદ્યાર્થીઓ જે તે સમયે ઓનલાઈન અરજી કરી શકેલ નથી અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના વર્ષ ૨૦૧૫-૧૬ની સહાય મેળવેલ હોય અને શરતચૂકથી અથવા સંજોગવશાત ૨૦૧૬-૧૭ની રીન્યુઅલ અરજી સમયમર્યાદામાં કરી શક્યા ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક વર્ષ પુરતું ઓનલાઈન અરજી માટે છેલ્લી તક આપવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.
2. જે વિદ્યાર્થીઓએ ૨૦૧૫-૧૬ની ઓફલાઈન અરજી કરેલ હોય અને સહાય મળી ગયેલ હોય તેઓએ પણ રીન્યુઅલ સહાય માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે.
3. ઓનલાઈન અરજી કરવાની અને જે તે હેલ્પ-સેન્ટરના સમય દરમિયાન અરજીનું વેરીફીકેશન કરાવી લેવાની છેલ્લી તા.૨૦/૦૧/૨૦૧૮ છે.
4. વિદ્યાર્થીઓએ http://mysy.guj.nic.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં માંગવામાં આવેલ વિગતો વિદ્યાર્થીઓએ ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. **અપલોડ કરવાના તમામ દસ્તાવેજો .jpg અથવા .jpeg ફોર્મેટમાં હોવા જોઈએ અને દરેક દસ્તાવેજ 400 kb થી નાની સાઈઝનો હોવો જોઈએ.**
5. યોજનાના વેબપોર્ટલ http://mysy.guj.nic.in પર યોજનાની તમામ વિગત ઉપલબ્ધ છે.
6. વિદ્યાર્થીએ વાલીની આવકનું **નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬** નું આવકનું પ્રમાણપત્ર મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવવાનું રહેશે. વિદ્યાર્થીએ આપવાના સેલ્ફ ડેકલરેશનમાં પણ વાલી (માતા-પિતા) ની આવકની વિગતો આપવાની રહેશે.
7. વિદ્યાર્થીએ વાલીની આવકનું **નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬**નું ઇન્કમટેક્ષ રીટર્ન **અથવા** ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાપાત્ર થતું ન હોય તેઓએ “આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન" આપવાનું રહેશે.
8. શૈક્ષિણક વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રથમ વર્ષમાં જે વિદ્યાર્થીઓએ જે સંસ્થામા પ્રવેશ મેળવ્યું હોય તે સંસ્થાના આચાર્યશ્રી પાસેથી સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે.
9. ૨૦૧૬-૧૭ના પ્રથમ રીન્યુઅલ માટે વિદ્યાર્થીએ સંસ્થાના આચાર્યશ્રી પાસેથી સંસ્થાના લેટરહેડ પર રીન્યુઅલનું પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે
10. સેલ્ફ ડેકલરેશન, સંસ્થાના આચાર્યશ્રી પાસેથી મેળવવાનુ પ્રમાણપત્ર તથા આવકના પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
11. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીઓએ નેશનલાઈઝ્ડ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેન્ક ખાતા સાથે વિદ્યાર્થીઓએ પોતાના આધાર નંબર જોડવાના

(seeding) રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના આધારનંબરની વિગત ઓનલાઈન અરજીમાં આપવાની રહેશે.

12. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ લઈ નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે સ્વ-પ્રમાણિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.
13. આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૧૭૬ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને ચકાસણી બાદ અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt મેળવવાની રહેશે.
14. વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યાના ૧૫ દિવસમાં સંબંધિત અભ્યાસક્રમના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી પુર્ણ કરાવવાની રહેશે.
15. હેલ્પ સેન્ટરોના કો-ઓર્ડીનેટરોની વિગતો વેબસાઈટ પર રાખેલ છે જેઓનો કામકાજના દિવસોમાં ઓફિસ  સમય દરમ્યાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને ખાસ નમ્ર વિનંતી છે.
16. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી (registration) સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની માર્કશીટ, એડમીશન લેટર અને જન્મ તારીખનો પુરાવો Scan કરીને .pdf ફાઈલ mysygujarat2017@gmail.com પર મોકલી આપવાની રહેશે.
17. આજરીતે ડીપ્લોમા ટુ ડીગ્રીના વિદ્યાર્થીઓએ પણ રજીસ્ટ્રેશન સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ડીપ્લોમાની છેલ્લા વર્ષની માર્કશીટ/પ્રોવિઝનલ સર્ટિફિકેટ, એડમીશન લેટર અને જન્મ તારીખનો પુરાવો Scan કરીને .pdf ફાઈલ mysygujarat2017@gmail.com પર મોકલી આપવાની રહેશે.
18. રીન્યુઅલ અરજી માટે કોઈ વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે ૨૦૧૫-૧૬ની એકનોલેજમેન્ટ રીસીપ્ટ અને સહાય મળ્યા અંગેનો પુરાવો Scan કરીને .pdf ફાઈલ mysykcg@gmail.com પર મોકલી આપવાની રહેશે.
19. આ યોજના હેઠળ ઓનલાઈન અરજી કર્યા બાદ વિદ્યાર્થી યોજનાની વેબસાઈટ પર પોતાના યુઝર આઈ.ડી. અને પાસવર્ડથી લોગઈન થઈ પોતાની ઓનલાઈન અરજીનું સ્ટેટસ જાણી શકશે. યોજનાની વધુ માહિતી હેલ્પ લાઈન નં: ૦૭૯- ૨૬૫૬૬૦૦૦ , ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.

## List of Documents for Fresh Application 2016-17

- આધારકાર્ડની નકલ (સ્વપ્રમાણિત)
- ધોરણ-૧૦/ધોરણ-૧૨/ડિપ્લોમા પાસ કર્યાની માર્કશીટની નકલ (સ્વપ્રમાણિત),
- ડીગ્રી /ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિનો લેટરની નકલ (સ્વપ્રમાણિત),
- ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણિત),
- સેલ્ફ ડેકલરેશન(અસલમાં)
- સંસ્થાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર (સંસ્થાના લેટરહેડ પર, અસલમાં)
- વાલીની આવકનું પ્રમાણપત્ર(મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું)ની નકલ(સ્વપ્રમાણિત),
- હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણિત),
- નેશનલાઈઝડ બેન્કમાં બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનાની નકલ(સ્વપ્રમાણિત)
- ઇન્કમટેક્ષ રીટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવકવેરાનેપાત્ર આવક ન થતી હોવા અંગેનુ સેલ્ફ ડેકલરેશન (અસલમાં)

## List of Documents for First  Renewal Application 2016-17

- વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ (સ્વપ્રમાણિત)
- સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
- વિદ્યાર્થીના પ્રથમ વર્ષની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ  હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) નકલ (સ્વપ્રમાણિત)
- વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમના બીજા/ત્રીજા વર્ષમાં ફી ભર્યાની તમામ પહોંચની નકલ(સ્વપ્રમાણિત)
- હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણિત),
- વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનાની નકલ(સ્વપ્રમાણિત)
- ઇન્કમટેક્ષ રીટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવકવેરાનેપાત્ર આવક ન થતી હોવા અંગેનુ સેલ્ફ સેલ્ફ ડેકલરેશન (અસલમાં)